EDI

Divya Bhaskar

February 12, 2010
Page No. 12
(City Bhaskar)

# અમદાવાદનાં સ્મોલ બિઝનેસથી ઈમ્પ્રેસ થયા ફોરેન ડેલિગેટ્સ

## ઉદ્યોગ સાહસિકતાના ગુણો શીખવા ૧૫ દેશોથી ૫૦ પ્રતિનિધિઓ આવ્યા

સિટી રિપોર્ટર »



**ગ્રેટ લર્નિંગ:** ટ્રેનિંગનાં છેલ્લા દિવસે ગાંધીનગર સ્થિત ઈડીઆઈનાં કેમ્પસમાં એકઠા થયા વિદેશી પ્રતિનિધિઓ.

અમદાવાદ હવે એન્ટર પ્રિન્યોરશિપ એજ્યુકેશન હબ બની રહ્યું છે. એન્ટર પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) અમદાવાદમાં અફઘાનિસ્તાન, મંગોલિયા, કેનિયા, યુગાન્ડા અને ઝાંબિયા જેવા જુદા - જુદા ૧૫ દેશોથી ૫૦ પ્રતિનિધિઓ ઉદ્યોગ સાહસિકતાની તાલીમ લેવા અમદાવાદ આવ્યા છે.

પોતપોતાના દેશમાં જુદી જુદી મિનિસ્ટ્રીમાં કી પોસ્ટ ધરાવતા આ વિદેશી પ્રતિનિધિઓ અમદાવાદમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો શીખીને સ્વદેશમાં ઉદ્યોગ સાહસિકતાનો ફેલાવો કરશે. આમ જણાવતા ઈ.ડી.આઈનાં પ્રોજેક્ટ ડિરેકટર એસ.બી સરીને ઉમેર્યું હતું કે, 'ઈન્ટરનેશનલ પ્રોગ્રામ ઓન એન્ટર પ્રિન્યોરશિપ' અને 'સ્મોલ બિઝનેસ પ્રમોશન' અંતર્ગત વિદેશી પ્રતિનિધિઓ અમદાવાદ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૬ અઠવાડિયાના આ પ્રોગ્રામમાં અત્યાર સુધી ૩૦૦થી વધુ વિદેશીઓ અભ્યાસ કરી ચૂક્યા છે.

નાઈઝેરિયા મિનિસ્ટ્રી ઓફ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટના ઓફિસર ઉલાજીએ બાલીડેલે કહે છે, અમદાવાદની શિક્ષણ સંસ્થાઓમાં ભણાવવામાં આવતા સિલેબસ અને નિષ્ણાતોથી હું ઘણો પ્રભાવિત થયો. હું સ્વદેશ જઈને મિનિસ્ટ્રીને ભલામણ કરીશ કે, અમદાવાદની સંસ્થા પાસેથી પોતાના દેશ માટે એન્ટર પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ડિઝાઈન કરાવે.

અમદાવાદના ક્રાફટ બજારની તારીફ કરતા વિદેશી પ્રતિનિધિ કહે છે, અહીનાં ક્રાફટમેન ખરેખર ખૂબ જ ક્રિએટિવ છે. ઝાંબિયાથી આવેલા શાદ્રેક મવાલે કહે છે અમદાવાદમાં ઉદ્યોગ સાહસિકતા પર વધુ ભાર મૂકવામાં આવે છે. શહેરમાં સંખ્યાબંધ શિક્ષણ સંસ્થાઓ એન્ટરપ્રિન્યોરશિપની તાલીમ આપે છે. વિદેશી પ્રતિનિધિઓ નિખાલસ પણે સ્વીકારે છે કે અમદાવાદ આવ્યા તે પહેલા તેઓ ઉદ્યોગ સાહસિકતા વિશે વધુ જાણતા નહોતા. તેઓ કહે છે અમદાવાદમાં તો દરેક વ્યક્તિ ઉદ્યોગ સાહસિક છે.